# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રાજ્યના લોથલમાં રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલનું નિર્માણ કરવાનો કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય..
2. ગાંધીનગરમાં સ્પીપાની નવી ઇમારત તેમજ અદ્યતન સુવિધાયુક્ત ઓફિસર હોસ્ટેલનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદઘાટન ...
3. રાજ્યની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં 30 થી 50 ટકાનો વધારો
4. કચ્છમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૧૯ કરોડ રૂપિયાના નવનિર્મિત મકાનોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત
5. આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CENTRAL CABINET - LOTHAL

ગુજરાતના લોથલ ખાતે વિશ્વનું સૌથી મોટું અને ભારતના દરિયાઈ વારસાનો પરિચય આપતું સંકુલ બનશે. કેબિનેટ બેઠક બાદ પત્રકારોને સંબોધતાં શ્રી વૈષ્ણવે કહ્યું કે, લોથલ ખાતેનું સંકુલ પૂર્ણ રીતે તૈયાર થતાં મુલાકાતીઓને ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાનો પરિચય આપવા માટે પાંચ પરિમાણવાળો દૃશ્ય-શ્રાવ્ય કક્ષ તૈયાર કરાશે.

કેબિનેટ બેઠકમાં લેવાયેલા અન્ય મહત્વના નિર્ણયોમાં દેશની સરહદી વિસ્તારની સલામતી સુનિશ્ચિત કરવા ચાર હજાર 400 કરોડ રૂપિયાના ખર્ચે રાજસ્થાન અને પંજાબના આંતરાષ્ટ્રીય સરહદી વિસ્તારોમાં બે હજાર, 280 કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરાશે, તેમજ પોષણ સાથે સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવા 17 હજાર કરોડ રૂપિયાના ખર્ચે ફોર્ટિફાઇડ ચોખા અપાશે.

-----------------------

## GANDHINGAR SPIPA

ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સરદાર પટેલ લોક પ્રશાસન, સ્પિપાના કેમ્પસનું તેમજ અમદાવાદમા નિર્માણ પામેલી ઓફિસર હોસ્ટેલનું લોકાર્પણ થયું.. આધુનિક સુવિધાઓથી સજ્જ સ્પિપાની આ ઇમારતમાં 150 થી વધુ વ્યક્તિની ક્ષમતા વાળા આધુનિક સુવિધા સાથેના હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્રણ સ્કીલ ડેવલપમેન્ટ રૂમ તેમજ વીઆઇપી રૂમ સહિતની સુવિધાઓનું નિર્માણ કેમ્પસમાં કરાયું છે.

સ્પીપા દ્વારા UPSCના ઉમેદવારોને તાલીમ અપાય છે..આ વર્ષે બે લાખ કર્મચારીઓને તાલીમ આપવાનું લક્ષ્ય છે..આ કેમ્પસના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે હવે સ્પીપાના આધુનિક સુવિધાઓથી સજ્જ મકાનને કારણે તાલીમ આપવી વધુ સુવિધા યુક્ત બની રહેશે.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . . .

## CM VETAN VADHARO

રાજ્યની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં 30 થી 55 ટકા સુધીનો વધારો કરાયો છે. ખાનગી પ્રેક્ટિસ સિવાય સેવારત વર્ગ-૧ અને વર્ગ-૨ ના તબીબી શિક્ષકોને આ વધારાનો લાભ મળશે.

આ નિર્ણય અનુસાર પ્રાધ્યાપક વર્ગ-૧ના પ્રોફેસરને હાલ ૧ લાખ ૮૪ હજાર રૂપિયાનું માસિક વેતન ચૂકવવામાં આવે છે, જે હવેથી બે લાખ ૫૦ હજાર થશે. સહ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૧ લાખ ૬૭ હજાર ૫૦૦ ની જગ્યાએ ૨ લાખ વીસ હજાર રૂપિયા, મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૮૯ હજાર ૪૦૦ ની જગ્યાએ ૧ લાખ ૩૮ હજાર રૂપિયા અને ટ્યુટર વર્ગ-૨ ને ૬૯ હજાર ૩૦૦ ની જગ્યાએ ૧ લાખ પાંચ હજાર રૂપિયા માસિક વેતન ચૂકવાશે.

---------

## Mundra Port Tapaal Ticket

વિશ્વ ટપાલ દિવસની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મુન્દ્રા પોર્ટના 25 વર્ષની વિકાસયાત્રાના પ્રતીકરૂપે સ્મારક ટપાલ ટિકિટનું અનાવરણ કર્યું.

દેશના મહત્વના વ્યાપારી બંદર તરીકે મુન્દ્રા પોર્ટની વિકાસયાત્રાને દર્શાવતી સ્મારક ટપાલ ટિકિટ "પ્રગતિના 25 વર્ષ - મુન્દ્રા પોર્ટ" શીર્ષક સાથે પ્રસ્તુત કરવામાં આવી છે. દેશના મેરિટાઈમ સેક્ટર અને આર્થિક વિકાસમાં મુન્દ્રા પોર્ટના 25 વર્ષના યોગદાનની ઉજવણી અંતર્ગત ભારતીય પોસ્ટ વિભાગે આ ટપાલ ટિકિટ જારી કરી છે.

આ વિશેષ સ્મારક ટપાલ ટિકિટ વિમોચન પ્રસંગે ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ સાવલેશ્વરકર, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

-----------------------------------

## SHAKTISINGHN ON HIRA UDHYOG

અમરેલીના ધારી ખાતે સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે પત્રકાર પરિષદ સંબોધી હતી..તેમણે કહ્યું હતું કે 28 લાખ પરિવારો સીધા કે આડકતરા હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ત્યારે હીરા ઉદ્યોગ

પડી ભાંગ્યો છે.. સૌથી વધારે વિદેશી હૂંડિયામણ રળી આપતા વ્યવસાયને ફરી બેઠો કરવાની માંગણી શક્તિસિંહે કરી હતી..

**(બાઈટ - શકિતસિંહ ગોહિલ ,અધ્યક્ષ પ્રદેશ કોંગ્રેસ)**

--------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## KUTCH SANGHVI

ભુજ ખાતે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસ હાઉસિંગ બોર્ડ દ્વારા ૧૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા ૧૪૪ નવનિર્મિત મકાનોનું લોકાર્પણ કર્યું છે.

કચ્છ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા એસઆરપી ગૃપ-૧૬ ભચાઉ ખાતેના કક્ષા-બીના ૭૨ આવાસો તથા ગાગોદર પોલીસ સ્ટેશનનું ઇ-લોકાર્પણ કર્યું હતું, તેમજ પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ પરિવાર

દ્વારા સંચાલિત શિણાય ગૌશાળા તથા અંજાર એસટી ડેપો વર્કશોપનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું.

કચ્છ જિલ્લાની મુલાકાતે આવેલા ગૃહ રાજ્યમંત્રીએ માતાના મઢ ખાતે માતા આશાપુરાના દર્શન કરી રાજ્યમાં જન સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

-----------------

## SEVA SETU- DISTRICT

રાજ્યના વહીવટમાં પારદર્શીતા આવે તેમજ લોકોના પ્રશ્નોનો સમયસર નિકાલ લાવી શકાય તે હેતુથી સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

દાહોદ જિલ્લામાં દેવગઢ બારીયા તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિ યોજાયો. તેમના વરદ હસ્તે લાભાર્થીઓને વિવિધ સહાયનું વિતરણ કરાયું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે તમામ કચેરીઓમાં ૩૬૫ દિવસ સુધી સતત જનતાની સેવાના કાર્યો થવા જોઈએ.

( બાઈટ – બચુભાઈ ખાબડ )

બીજી તરફ ભાવનગરના ઉમરાળામાં "સેવા સેતુ"નો કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૬ જેટલાં ગામોએ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લીધો.

----------------------------------

# Bharat vikas saptaah – DISTRICT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં “ભારત વિકાસ સપ્તાહ” ઉજવણી થઇ રહી છે.

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયામાં આજે આ ઉજવણીના ભાગરૂપે રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે ૨૧ કરોડના વિવિધ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર ખાતે પ્રભારી મંત્રી બળવંત સિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં શહીદ સ્મારકથી વીરાંજલી વન સુધી વિકાસ પદયાત્રા યોજાઇ.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે સમગ્ર મંદિર પરિસરને ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલ નડાબેટ ખાતે તેમજ ભુજના સ્મૃતિવન સ્મારક અને મ્યુઝિયમની ઇમારતને રોશનીથી શણગારવામાં આવ્યા છે.

આ ઉપરાંત કચ્છની અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓએ ભારત વિકાસના શપથ લીધા.

પંચમહાલ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી સંદર્ભે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઇ.

જેમાં આગામી ૧૫ મી ઓક્ટોબર સુધી જિલ્લામાં થનાર વિકાસ સપ્તાહની ઉજવણીના કાર્યક્રમો અંગે માહિતી અને જરૂરી સૂચનો અપાયા.

સુરેન્દ્રનગર જિલ્લામાં ઢાંકી પંપીંગ સ્ટેશન રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવ્યું છે. **લીંબડીની વિવિધ કચેરીઓમાં વિકાસ સપ્તાહ નિમિતે શપથ ગ્રહણ કરાયા.**

ખેડા જિલ્લાની તમામ શાળાઓમાં આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધી હતી.

મહેસાણા જિલ્લામાં વિવિધ કચેરીઓમાં અધિકારીઓએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધી.

---------------------------------------------------------

## RAIN

રાજ્યમાં એક તરફ નવરાત્રિ મહોત્સવની ઉજવણી ચાલી રહી છે, ત્યારે બીજી તરફ હવામાન વિભાગ તરફથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત, કેન્દ્ર શાસિત પ્રદેશ દિવ દમણ અને દાદરાનગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ વિસ્તારોમાં ૩0થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂકાવાની પણ શક્યતા દર્શાવીને યલો એલર્ટ જાહેર કર્યું છે..

ડાંગ જિલ્લામાં આજે બપોર બાદથી વાતાવરણમાં પલટો આવતા મુખ્ય મથક આહવા તાલુકામાં ગાજવીજ અને પવન સાથે મુશળધાર વરસાદ વરસ્યો હતો.

કચ્છમાં મુન્દ્રા નાની તુંબડી અને આસપાસના વિસ્તારમાં પવન સાથે વરસાદી ઝાપટું વરસ્યું હતું. તો તાલુકા મથક ભચાઉમાં પણ ધીમી ધારે વરસાદ પડ્યો હતો.

----------------

## NAVRATRI SEVENTH DAY

નવલાં નોરતાની સાતમે આજે કાલરાત્રિની આરાધના થાય છે. મા નું આ સ્વરૂપ કષ્ટોનો વિનાશ કરે છે. મા કાલરાત્રિના સ્મરણ માત્રથી દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત-પ્રેત આદિનો નાશ થાય છે. તેમજ ગ્રહ બાધા પણ દૂર થાય છે.

નવરાત્રીના ઉત્સવની ઉજવણી રંગેચંગે થઇ રહી છે. ખેલૈયાઓ અવનવી વેશભૂષા ધારણ કરીને ગરબા કરી રહ્યાં છે. ત્યારે દ્વારકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ હરસિદ્ધિ માતાજીના મંદિરમાં ભક્તોનો ઘોડાપૂર ઉમટ્યું હતું. આ વિશે વધુ માહિતી આપે છે દેવભૂમિ દ્વારકાથી અમારા પ્રતિનિધિ કરન જોશી....

(વોઇસકાસ્ટ- કરન જોશી, પીટીસી- દ્વારકા)

----------------------------------------------------------------